## (1) પાણીમાં ઓક્સિજન માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) પાણીમાં કચરાને લીધે ઓગળેલાં ઓક્સિજન (Dissolved Oxygen-DO)નું પ્રમાણ વધે છે.
(2) DOના પ્રમાણમાં વધારો થતાં પાણીની ગુણવત્તામાં સુધારો થાય છે.
(3) બાયોકેમીકલ ઓક્સિજન ડીમાન્ડ (BOD)નું ઉચ્ચું પ્રમાણ પાણીમાં DOનું નીચું પ્રમાણ સૂચવે છે.
(4) સેન્દ્રિય કચરાને કારણે થયેલાં પાણીના પ્રદૂષણને BOD દ્વારા માપી શકાય છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)  (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સામાન્ય રીતે, નદી પ્રણાલીમાં મુક્ત રીતે ઉપલબ્ધ ઓક્સિજનની માત્રાને ઓગળેલ ઓક્સિજન (DO-Dissolved Oxygen) કહે છે.

⇛ પાણીમાં વિવિધ પ્રકારના કચરાના કારણે DOનું પ્રમાણ ઘટે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ DOના પ્રમાણમાં વધારો થતાં પાણીની ગુણવત્તામાં વધારો/સુધારો થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ પાણીમાં સેન્દ્રિય કચરાના પ્રમાણને BOD (બાયોકેમીકલ ઓક્સિજન ડીમાન્ડ) દ્વારા માપી શકાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સેન્દ્રિય કચરાનું વિઘટન કરવા માટે બેકટેરિયાને જેટલી માત્રામાં ઓક્સિજન જોઈએ તેને BOD કહે છે.

⇛ BODનું ઉચ્ચું પ્રમાણ પાણીમાં DOનું નીચું પ્રમાણ સૂચવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'HCARD' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ 'Hospital Care Assistive Robotic Device' છે.
(2) તેનું નિર્માણ CSIR દ્વારા કરવામાં આવ્યું છે.
(3) આ એક પ્રકારનો રોબોટ છે જેના દ્વારા COVID-19થી અસરગ્રસ્ત દર્દીઓ સાથે ભૌતિક દૂરી બનાવવી સંભવ બનશે.
(4) આ ડિવાઈસ માત્ર મેન્યુઅલ મોડ પર જ ચાલે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 29 એપ્રિલના રોજ એક રોબોટીક ડિવાઈસ – **Hospital Care Assistive Robotice Device (HCARD)** લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેના દ્વારા ફંટલાઈન હેલ્થવર્કરને મદદ મળશે કારણ કે તે **COVID-19**થી અસરગ્રસ્ત દર્દીઓ સાથે ભૌતિક દૂરી બનાવી શકશે. આ રોબોટમાં વિવિધ ખાના છે, જેમાં દર્દીને જમવાનું પહોંચાડવું, દર્દીના સેમ્પલ લેવાં જેવાં કાર્યો થઈ શકશે. આથી, ડોકટર અને દર્દીનો સંપર્ક ઘટાડી શકાશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ **HCARD**નું નિર્માણ **CSIR (Central Scientific Instrument Organization)** દ્વારા કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે ઓટોમેટીક અને મેન્યુઅલ મોડ એમ બન્ને રીતે કાર્ય કરી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તેની કિંમત આશરે 5 લાખ રૂપિયા જેટલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) નેશનલ ટેક્નીકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (NTRO) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(2) તેની સ્થાપના વર્ષ 2014માં કરવામાં આવી છે.
(3) તાજેતરમાં તેના એક રિપોર્ટ મુજબ, ‘વર્ક ફ્રોમ હોમ’ના કારણે સાયબર એટેકમાં વધારો જોવા મળ્યો છે.
(4) તે એક પ્રકારની ટેક્નીકલ ઈન્ટેલીજન્સ એજન્સી છે.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **NTRO** દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ‘વર્ક ફ્રોમ હોમ’ને કારણે સાયબર એટેકમાં વધારો જોવા મળ્યો છે. આ કારણે ઘણાં સંવેદનશીલ ક્ષેત્રો જોખમમાં મુકાયા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ જોખમને ઘટાડવા ગૃહ મંત્રાલયે દરેક કંપનીઓને સૂચના આપી છે કે તેઓ તેમની **IdAM (Identity and Access Management)** હેઠળની વિવિધ ક્રિયાઓને ટ્રેક કરે.

⇛ નેશનલ ટેક્નીકલ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના વર્ષ **2004**માં કરવામાં આવી હતી. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ તે પ્રધાનમંત્રી કાર્યાલય **(PMO)**માં નેશનલ સિક્યુરિટી એડવાઈઝર **(NSA)** હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ તેની સ્થાપના એક ટેક્નીકલ ઈન્ટેલીજન્સ એજન્સી તરીકે કરવામાં આવેલી છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) પીટર્સબર્ગ ક્લાઈમેટ ડાઈલોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તાજેતરમાં આ ડાઈલોગની 11મી આવૃત્તિનું આયોજન થયું હતું.

(2) આ ડાઈલોગનું આયોજન જર્મની દ્વારા કરવામાં આવે છે.

(3) ભારતે આ ડાઈલોગમાં જણાવ્યું છે કે, ગરીબ દેશ માટે ક્લાઈમેટ ટેક્નોલોજી ઓપન સોર્સ તરીકે હોવી જોઈએ.

(4) ભારતે ટકાઉ ઉપભોગ પેટર્ન અપનાવવા પર પણ ભાર મુકયો છે.

(A) માત્ર (1), (2) અને (4)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 28 એપ્રિલના રોજ 'પીટર્સબર્ગ ક્લાઈમેટ ડાઈલોગ'ની 11મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ડાઈલોગનું આયોજન વર્ષ 2010થી જર્મની દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વર્ષે ભારત સહિત 30 દેશોએ આ ડાઈલોગમાં ભાગ લીધેલો હતો.

⇛ આ ડાઈલોગમાં કો–ચેર (Co-Chair) તરીકે જર્મની અને યુ.કે. હતાં.

⇛ આ ડાઈલોગમાં ભારતનું પ્રદાન :

- ભારતે ટકાઉ જીવન માટે ટકાઉ ઉપભોગ પેટર્ન અપનાવવા પર ભાર મુકેલો છે.
- ભારતે દરેક દેશને વાજબી કિંમતે ક્લાઈમેટ ટેક્નોલોજી ઓપન સોર્સ તરીકે મળી રહે તેવું સૂચન કર્યું હતું.
- ભારતે ક્લાઈમેટ ફાયનાન્સ પરની બાબતે પણ ચિંતાઓ વ્યક્ત કરી હતી.

(આથી, વિધાન (4) સાચું છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) APEC માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Asia Pacific Economic Co-Operation છે.
(2) APECના જણાવ્યા મુજબ 2020માં APEC વિસ્તારના વૃદ્ધિ દરમાં 2.7%નો ઘટાડો થશે.
(3) APECના જણાવ્યા મુજબ વર્ષ 2020માં APEC વિસ્તારમાં બેરોજગારીનો દર 5.4% જેટલો થશે.
(4) ભારત APECનું સભ્ય નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ APEC (Asia Pacific Economic Co-Operation) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, APEC વિસ્તારમાં વર્ષ 2020 માટેના વૃદ્ધિ દરમાં 2.7%નો ઘટાડો થશે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ APEC વિસ્તારમાં વર્ષ 2019માં બેરોજગારીનો દર 3.8% હતો જે વર્ષ 2020માં વધીને 5.4% થવાની સંભાવના છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વિસ્તાર વર્ષ 2021માં ફરીથી આર્થિક રીતે રીબાઉન્ડ થશે અને વર્ષ 2021માં આ વિસ્તારનો વૃદ્ધિ દર 6.3% જેટલો થશે.

⇛ APECની શરૂઆત વર્ષ 1989થી થઈ હતી. આ વિસ્તારને હવે 'ઈન્ડો–પેસિફિક' તરીકે ઓળખવામાં આવે છે.

⇛ ભારત APECનું સભ્ય નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT